
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





બીજુ તો અમે પણ શું કરીએ... થોડાક માસ્તરોને ઢોલ લઈને મોકલ્યા તો હતા...

# શહેરમાં બે માર્ગ અકસ્માતમાં એકનું મૃત્યુ, ત્રણ ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારે છે. શહેરમાં બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ રહી છે. શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમનની ઐસી તૈસી કરી વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે શહેરમાં બે માર્ગ અકસ્માત સર્જાયા હતા. જેમાં એક યુવાનનું મૃત્યું નિપજયુ હતું,જયારે ત્રણ વ્યકિતઓ ઈજા પહોંચી હતી. જયારે ખ માર્ગ પર સવારના સમયે ટું-વ્હીલર સ્લીપ થતા વાવોલના ૧૫ વર્ષિય યુવાનનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. ૧૫ વર્ષિય યુવાનના મૃત્યુંને પગલે સમગ્ર હરીનગર સોસાયટી અને મિત્ર વર્તુળમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ફરીયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રથમ બનાવમાં વાવોલ હરીનગર ખાતે રહેતા કાર્તિક રાકેશભાઈ ત્રિવેદી(ઉં.વ.૧૫) અને સાહીલ મહેન્દ્રભાઈ ડામોર (ઉં.વ.૧૫) આજે સવારના સુમારે બંન્ને મિત્રો ક્રિકેટ રમવા માટે ઘરેથી પોતાનું ટુ-વ્હીલર લઈને નીકળ્યા હતા. ત્યારે સવારના સુમારે ખ માર્ગથી સેકટર-૪ તરફ જવાના માર્ગ પર અચાનક ટુ-વ્હીલર પરનો કાબુ ગુમાવતા ટુ-વ્હીલર સ્લીપ ખાઈ ગયું હતું. જેમાં બંન્ને મિત્રોને ઈજા પહોંચતા ૧૦૮ મારફતે તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.અકસ્માતને પગલે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે વાવોલ હરીનગર સોસાયટી ખાતે રહેતા કાર્તિક રાકેશભાઈ ત્રિવેદીનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. જયારે સાહિલ મહેન્દ્રભાઈ ડામોરને પણ ઈજા પહોચી હોવાથી સારવાર હેઠળ છે.વાવોલના ૧૫ વર્ષિય આશાસ્પદ યુવકના મૃત્યુંના સમાચાર મળતા સમગ્ર હરીનગર સોસાયટીમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું. જયારે પરિવારજનોના આક્રંદથી સૌની આંખો ભીની બની હતી.બનાવ અંગે સે-૭ પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જયારે બીજા બનાવમાં શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં.૬૬૬-૧ખાતે રહેતા કશ્યપ પ્રવિણભાઈ શ્રીમાળી (ઉં.વ.૨૦) અને તેમના પરિચીત મહેશભાઈ સાધુ (ઉં.વ.૫૨, રહે. સે-૧૩ બી એલ-૭-૧૨૧)ઘરેથી કામઅર્થે સાડાબારની આસપાસ કોબા જવા માટે રવાના થયા હતા. તે સમયે ચ-૩ થી ચ-૨ ની વચ્ચે આ બંન્ને બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે ૭-૮ ના કટ પાસે જી.જે.૧૮.બી.કે. ૩૬૬૮ ની મહિલા કાર ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા બાઈકને અડફેટે લીધી હતી. બાઈક ગાડી નીચે આવી જતા બાઈક પર સવાર બંન્ને વ્યકિતઓને ઈજા પહોંચી હતી.

# સેકટર-૩ ન્યુ બગીચા ખાતે મહિલાઓ માટે ઉર્જા બચત કાર્યક્રમ યોજાયો

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, નિસર્ગ સાયન્સ સેન્ટર અને સેકટર-૩ ન્યુ વસાહત મંડળના સંયુકત ઉપક્રમે ગત તા.૨૭ ડિસેમ્બરને શુક્રવારના રોજ સેકટર-૩ ન્યુ બગીચા ખાતે મહિલાઓ માટે ઉર્જા બચતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેકટરની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




શહેરના સેકટર-૩ ન્યુ ખાતે આયોજીત ઉર્જા બચતના કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ મહિલાઓ હાજર રહી હતી.આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના ડો.અનિલ પટેલ દ્વારા બે કલાક જેટલું વકતવ્ય ઉર્જા બચત વિશે બહેનોને આપ્યું હતું. તેઓએ ઉર્જા બચત અંગે મહત્વના મુદ્દાઓ પર ધ્યાન દોર્યું હતું. જેમાં ઉર્જા એટલે શું? તેનું મહત્વ, ઘરમાં વિજ બચત કઈ રીતે કરી શકાય, ફ્રીજ-વોશીંગ મશીન, એ.સી. કઈ રીતે વપરાશ કરવામાં આવે તો વિજબીલ ઘટાડી શકાય છે તેની સમજ આપી હતી. જયારે સુર્ય ઉર્જા થકી વિજબીલ ભરવુ જ ન પડે તેની સમજ અને સુર્ય કુકર સોલાર વોટર હીટર વિગેરેથી થતા ફાયદા જણાવવામાં આવ્યા હતા. જયારે નરેશભાઈ ઠાકર દ્વારા એન્વાયરમેન્ટ કોમ્યુનિકેટરે કચરામાંથી ખાતર અને ફર્નીચર માટે સીટ કેવી રીતે બને છે તેવી સવિસ્તાર માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સના હાર્દિકભાઈ તેમજ શિવાંગભાઈ હાજર રહ્યા હતા. જયારે સેકટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, ડો.એચ.ટી.પરમાર, વિરચંદભાઈ પરમાર સહિત મંડળના આગેવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરઢવ પાસેથી દારુની ૧૨ નંગ બોટલ સાથે બે યુવાનો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

પેથાપુર પોલીસે સરઢવ પાસેથી વિદેશી દારુની ૧૨ બોટલ પકડી પાડી છે. કોન્સ્ટેબલ નાગેશ્વરસિંહને બાઈક પર દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી જેને પગલે પોલીસે વોચ ગોઠવી હતી આ સમયે સરઢવ ગામથી મોટી આદરજ તરફ જવાના માર્ગ પર વડલીવાળા પરા પાસેથી બાઈક પર બે શખ્સો નીકળ્યા હતા. જેને રોકવાનો ઈશારો પોલીસે કરતા તેઓ બાઈક મુકીને ભાગી ગયા હતા. બંન્ને નામ પુછતા તેઓ અડાલજના રાવળવાસમાં રહેતા કિરણ વિષ્ણુ રાવળ ઉંવ.૨૦ તેમજ જયેશ રાવળ ઉં.વ.૨૧ હોવાનું સામે આવ્યું હતું. તેમની પાસે રહેલો થેલો ચેક કરતા અંદરથી વિદેશી દારુની ૧૨ બોટલ મળી આવી હતી. જેને પગલે પોલીસે રૂ.૪૮૦૦ની કિંમતનો દારુ રૂ.૨૦ હજારનું જી.જે.૧૮. સી.પી. ૬૪૯૧ નંબરનું બાઈક બે મોબાઈલ સહિત કુલ રૂ.૩૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આત્મન ફાઉન્ડેશનનું અગરિયા પરિવારોને ગરમ વસ્ત્રો સહિતનું વિતરણ

આત્મન ફાઉન્ડેશન દ્વારા તા. ૨૪મી ડિસેમ્બરે કચ્છના રાપર તાલુકાના આડેસર ગામે નાના રણ



વિસ્તારના મીઠાના અગરોમાં કામ કરતા અંદાજે ૧૦૦ થી વધુ પરિવારોને ધાબળા, સાડી, ૧ કિલો ગોળ અને ૧ કિલો મગ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે સંસ્થાના પ્રજ્ઞાબહેન પટેલે તેઓ સાથે વાર્તાલાપ કરી, એમની મુશ્કેલીઓ પણ જાણી હતી. આ સેવા કાર્યમાં કિશ્નકુમાર રાણા, ઈમરાનભાઈ, અગરિયા હિતરક્ષક મંચ આડેસરના પ્રમુખ સુલેમાનભાઈ ભટી, સુખપરના સરપંચ નાથાભાઈ આહિર, પ્રજ્ઞાબહેન પટેલ જોડાયા હતા. આ કાર્ય માટે સુધાબહેન પટેલ દ્વારા સહયોગ મળ્યો હતો.

એક જ અઠવાડિયામાં બીજી વાર તા. ૨૮મી ડિસેમ્બરે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા અને ઝીંઝુવાડા વિસ્તારના અગરિયા પરિવારોને ધાબળા, સાડી, એક



કિલો મગ અને એક કિલો ગોળ એ મુજબ ૧૨૫ જેટલા પરિવારોને પ્રભુપ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ઝીંઝુવાડા રણ, ફતેપુરા રણ, વિસનગર રણ, ચકાભાઈના પાટા, ફુલગામડી, અચેડાની ઢસી, ક્નેરી જાળુ, ઓડુ પહેલી મંડળી, છઠ્ઠી મંડળી, આલોક મંડળી, ટી. એમ.મંડળી - એમ રણમાં મીઠું પકવતા અગરિયા પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું.આ સદકાર્યમાં પ્રજ્ઞાબહેન પટેલ, કિશોરભાઈ જીકાદરા, અગરિયા હિતરક્ષક મંચના સ્થાનિક કોર્ડીનેટર ભરતભાઈ સોમેરા અને કાર્યકર આનંદભાઈ સોલંકી આ વિતરણ કાર્યમાં સહભાગી થયા હતા. આ અને આત્મન સંસ્થાનાં અન્ય સેવા કાર્યમાં હમેશા સ્વ.ભરતભાઈ કવિ સાથે જોડાતા અને સહયોગી બનતા તેની સ્મૃતિમાં કચ્છ અને ખારાઘોડાના બન્ને સેવા કાર્ય સ્વ. ભરતભાઈ કવિને અર્પણ કરવામાં આવ્યા હતા.

# પરંપરાગત લગ્નગીતોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ફિલ્મો અને ટીવીની અસર હેઠળ પરંપરાગત લગ્નગીતો ભૂલાતા જાય છે. લગ્ન સમયની દરેક વિધિ દરમ્યાન ગવાતા જુદા જુદા લગ્નગીતો આપણી ભવ્ય સંસ્કૃતિના પ્રતિક છે. ભારત વિકાસ પરિષદ દ્વારા આવા પરંપરાગત લગ્નગીતોનો સુંદર કાર્યક્રમ ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યો હતો.

ભારત વિકાસ પરિષદ અનેક સંસ્કાર સિંચન અને સેવાલક્ષી કાર્યક્રમો સાથે સંકળાયેલ એક રાષ્ટ્રીય સંગઠન છે. નવી પેઢીમાં રાષ્ટ્ર માટે પ્રેમ જળવાઈ રહે અને આપણી સંસ્કૃતિ ને ભવ્ય વારસા સાથે પરીચય કેળવાય તે હેતુથી અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કારના ભાગ રૂપે લોકકલા, લોકનૃત્ય, લોકગીતો, સામાજીક અને ધાર્મિક મેળા જેવા કાર્યક્રમોનું આયોજન આપણા સામાજની પરંપરા મુજબ કરવામાં આવે છે.




આપણા સામાજની પરંપરા મુજબ લગ્ન પ્રસંગે ગવાતા લગ્નગીતો, સીમંત પ્રસંગે ગવાતા ગીતો, બાળ ઉછેરમાં ગવાતા ગીતો વગેરે આજના સમયમાં વિસરાતા સૂર બની ગયા હોય તેવું લાગે છે. આપણી સંસ્કૃતિની જાળવણીના ભાગરૂપે ભારત વિકાસ પરિષદ, ગુજરાતના મધ્ય પ્રાંતની મહિલા પાંખ દ્વારા લગ્ન ગીતોત્સવ ૨૦૧૯નું આયોજન કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમની તૈયારી ગાંધીનગર શાખા દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમ ચિલ્ડ્રન યુનિવર્સિટી સે-૨૦ ગાંધીનગર ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં મધ્યપ્રાંતની ૧૯ શાખાઓની ૧૭૫ ઉપરાંત બહેનોએ લગ્ન પ્રસંગે યોજાતી વિવિધ વિધી સમયે ગવાતા ગીતો રજુ કર્યા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જાગૃતિબેન પંડયા, ચેરપર્સન ગુજરાત રાજયબાળ અધિકાર સંરક્ષણ આયોગ, મુખ્ય મહેમાન તરીકે રીટાબેન પટેલ, મેયર ગાંધીનગર મહાનગરપાલિકા અને અતિથિવિશેષ તરીકે કૌશલ્યકુંવરબા-ઉપાધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય મહિલા મોરચો ઉપસ્થિત રહ્યા હતા. પ્રવિણાબેન ઠકકર મહિલા સંયોજીકા અને દિપાલીબેન જાની મહિલા સહ સંયોજીકા ગુજરાત મધ્ય પ્રાંતે કાર્યક્રમના આયોજનમાં માર્ગદર્શન પુરું પાડયું હતું. ગાંધીનગર શાખાના હીનાબેન રાવલ, સંયોજીકા અને મીનાબેન પટેલ અને રીકલબેન બારોટ સહ સંયોજીકા તરીકે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. ગાંધીનગર શાખાના તમામ બહેનો-ભાઈઓ અને કારોબારી સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. ગુજરાત મધ્યપ્રાંતના પદાધિકારીઓ અને ગાંધીનગર શાખાના તમામ સભ્યોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમના આયોજનમાં ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ અને રજીસ્ટ્રારશ્રીએ સહયોગ આપ્યો હતો.

# રૂપાણીએ ૯ ભૂતપૂર્વ મુખ્યમંત્રીના શાસનનો રેકોર્ડ તોડ્યો છે; ૨૦૨૦માં તેઓ કેશુભાઈનો રેકોર્ડ તોડશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ મહિને તેમના શાસનના ૧૨૩૬ દિવસ પૂરાં કર્યા છે. તેમણે આ વર્ષના અંતિમ મહિના ડિસેમ્બરમાં રાજ્યના પહેલા મુખ્યમંત્રી જીવરાજ મહેતાના કુલ શાસન જેટલા એટલે કે ૧૨૩૮ દિવસોનો રેકોર્ડ તોડ્યો છે. તેમની ખુરશી આજેપણ સલામત છે. તેમને કોઈ ટેન્શન નથી. ૨૦૨૦માં પણ તેઓ ૨૦-૨૦ ક્રિકેટ મેચ જેવી ઈંનિંગ્સ ખેલવાના છે, કારણ કે આ વર્ષમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું ઈલેક્શન તેઓ પાર કરવાના છે. વિજય રૂપાણીએ માત્ર જીવરાજ મહેતાના શાસનનો જ નહીં તે ઉપરાંત બળવંત મહેતા (૭૩૮), ધનશ્યામ ઓઝા (૪૮૮), બાબુભાઇ જસભાઇ પટેલ (૧૨૫૩), છબીલદાસ મહેતા (૩૯૧), સુરેશચંદ્ર મહેતા (૩૩૮), શંકરસિંહ વાઘેલા (૩૭૦), દિલીપ પરીખ (૧૨૮) અને આનંદીબહેન પટેલના (૮૦૮) દિવસના શાસનનો રેકોર્ડ તોડ્યો છે. હવે તેઓ ૨૦૨૦ના વર્ષમાં કેશુભાઇ પટેલના ૧૩૧૨ દિવસનો રેકોર્ડ તોડવા જઇ રહ્યાં છે. ગુજરાતની ગાદી પર ત્રણ મુખ્યમંત્રી એવા આવ્યા છે કે જેમના શાસનના રેકોર્ડ તોડવા મુશ્કેલ છે જેમાં પહેલા હિતેન્દ્ર દેસાઇ છે કે જેમણે ૨૦૬૨ દિવસનું અને માધવસિંહ સોલંકીએ ૨૦૧૯ દિવસ સુધી શાસન કર્યુ છે, ત્રીજા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છે કે જેમણે સૌથી વધુ ૪૬૧૦ દિવસ સુધી રાજ્યનું વાયબ્રન્ટ સુકાન સંભાળ્યું છે.


## રાજ્યના ચીફ સેક્રેટરી અનિલ મુકીમ સાથે ૨૧ આઇએએસ ઓફિસરો ૨૦૨૦ના વર્ષમાં વયનિવૃત્ત

**● ગુજરાતમાં વધુ ૨૧ સિનિયર ઓફિસરો નિવૃત્ત...**

ગુજરાતમાં ૨૦૨૦ના વર્ષમાં રાજ્ય સરકારમાં ફરજ બજાવતા અને ગુજરાત કેડરના વધુ ૨૧ ઓફિસરો વયનિવૃત્ત થવાના છે. આ ઓફિસરોમાં ટોચપર રાજ્યના ચીફ સેક્રેટરી અનિલ મુકીમ આવે છે પરંતુ જો કેન્દ્ર સરકાર તેમને છ મહિનાનું એક્સટેક્શન આપે તો તેઓ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી ગુજરાતની બ્યુરોક્રેસીના સુપ્રીમ પદ પર ચાલુ રહેશે. તેઓ ઓગષ્ટ ૨૦૨૦માં વયનિવૃત્ત થવાના છે. આ વર્ષે નિવૃત્ત થનારા આઈએએસ અધિકારીઓમાં દીનાનાથ પાંડે (ફેબ્રુઆરી), સીપી નેમા (માર્ચ), અરવિંદ અગ્રવાલ અને અતનુ ચક્રવર્તી (એપ્રિલ), કેડી કાપડિયા (મે), સીઆર ખરસાણ, એસએમ ખટાણા, સીએમ પાડલિયા (જૂન), એમએસ પટેલ, પુનમચંદ પરમાર, પીએલ સોલંકી (જુલાઇ), અનિલ મુકીમ (ઓગષ્ટ), પીડી વાઘેલા, જેઆર ડોડીયા, એમઆર કોઠારી, આરબી રાજ્યગુરૂ (સપ્ટેમ્બર), સંગીતાસિંઘ, એજે શાહ, એસએમ પટેલ (ઓક્ટોબર), અનુરાધા મલ્લ (નવેમ્બર) અને સીજે પટેલ (ડિસેમ્બર)નો સમાવેશ થાય છે. રાજ્યના સિનિયર મોસ્ટ અધિકારીઓનો આ એક મોટો ફાલ ૨૦૨૦ના વર્ષમાં વયનિવૃત્ત થવાનો છે.

**● IPS શિવાનંદ ઝા એપ્રિલમાં વયનિવૃત્ત થશે...**

ગુજરાતના પોલીસ વડા શિવાનંદ ઝા આગામી એપ્રિલ ૨૦૨૦માં વયનિવૃત્ત થઇ રહ્યાં છે. તેઓ અત્યારે નવા પોલીસ મેન્યુઅલની કામગીરી કરી રહ્યાં છે જે લાંબા સમયથી અપડેટ થયો નથી. અત્યારે એવું સ્પષ્ટ નથી કે તેમની નિવૃત્તિ પછી તેમને એક્સટેન્શન મળે છે કે કેમ પરંતુ તેઓ તેમણે તેમનું કામ ચાલુ રાખ્યું છે. શિવાનંદ ઝા બિન વિવાદાસ્પદ વ્યક્તિત્વ છે. ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિનો કલર આપવામાં તેમનો મોટો ફાળો છે. રાજ્યમાં કેટલાસ પેચીદા સવાલોને તેમણે ચતુરાઇ પૂર્વક ઉકેલ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૮માં તેમણે ગુજરાતના ડીજીપીનો હોદ્દો સંભાળ્યો હતો. તેઓ પ્રમોદકુમારના અનુગામી છે. શિવાનંદ ઝા ૧૯૮૩ બેચના સિનિયર આઈપીએસ અધિકારી છે. તેમણે લાંબા સમય સુધી સુરત અને અમદાવાદના પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી છે. લો એન્ડ ઓર્ડર પર તેમની પક્કડ વધુ મજબૂત માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૦માં રાજ્યના પોલીસ વડા સહિત કુલ ૧૦ આઈપીએસ અધિકારીઓ વયનિવૃત્ત થાય છે. આ ઓફિસરોમાં અનારવાલા (જાન્યુઆરી), પ્રવિણ ગોંદિયા (ફેબ્રુઆરી), એકે જાડેજા, આરએફ સંઘાડા (માર્ચ), શિવાનંદ ઝા (એપ્રિલ), એકે સુરોલિયા (મે), ડીબી વાઘેલા, ડીએન પટેલ (જૂન), એકે સિંઘ (સપ્ટેમ્બર) અને કમલકુમાર ઓઝા (ઓક્ટોબર)નો સમાવેશ થાય છે.



## રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા સહિત કુલ ૧૦ આઇપીએસ અધિકારીઓ ૨૦૨૦માં વયનિવૃત્ત

**● ગુજરાત આટલું બધું પાછળ કેમ રહી ગયું છે?...**

ગુજરાતને અફસોસ થાય તેવો રેન્ક ભારત સરકારના નીતિ આયોગે આપ્યો છે. ગુજરાત અને કેન્દ્રમાં ભાજપની સરકાર છતાં ઈનોવેશનમાં ગુજરાતનો ક્રમ નવમો આવ્યો છે. ઈન્સ્ટીટ્યુટ ફોર કોમ્પિટિટિવનેસ સાથે કરેલા ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ-૩માં કર્ણાટક એવું રાજ્ય છે કે જ્યાં સૌથી વધુ ઈનોવેશન થાય છે. દેશના મોટા દસ રાજ્યોમાં કર્ણાટક પછી તામિલનાડુ, મહારાષ્ટ્ર, તેલંગાણા, હરિયાણા, કેરલ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને આંધ્રપ્રદેશનો ક્રમ આવે છે. દેશના નોર્થ ઈસ્ટ અને પર્વતિય રાજ્યોમાં સિક્કિમનો ક્રમ પહેલો અને હિમાચલનો ક્રમ બીજો આવ્યો છે, જ્યારે યુનિયન ટેરેટરી અથવા તો નાના રાજ્યોમાં દિલ્હી પ્રથમક્રમે છે. ચંદીગઢ બીજાક્રમે અને ગોવા ત્રીજાસ્થાને છે. ઈનોવેશનનો સ્કોર (ઈન્ડેક્સ) જોઇએ તો કર્ણાટકને ૩૫.૬૫ માર્ક્સ મળ્યા છે જ્યારે નવમાક્રમે આવેલા ગુજરાતને ૧૬.૮૬ માર્ક્સ મળ્યા છે. તામિલનાડુને ૩૨.૯૮ અને મહારાષ્ટ્રને ૨૯.૯૩ માર્ક્સ છે. નાના રાજ્યોમાં દિલ્હીને ૪૨.૯૮ માર્ક્સ અને નોર્થ-ઈસ્ટ સિક્કિમને ૧૫.૪૯ માર્ક્સ મળ્યા છે. મોટા રાજ્યોમાં ઝારખંડને સૌથી ઓછા ૬.૨૦ માર્ક્સ મળ્યા છે. હ્યુમન કેપિટલમાં તામિલનાડુ ૪૯.૨૦ના સ્કોર સાથે પ્રથમ, કેરાલા ૪૬.૧૭ સાથે દ્વિતીય અને પંજાબ ૪૦.૮૮ સાથે ત્રીજાસ્થાને છે. ગુજરાતનો ક્રમ પાંચમો છે. એવી જ રીતે ઈન્વેસ્ટમેન્ટમાં ૩૧.૩૧ના સ્કોર સાથે કર્ણાટક પ્રથમ, ૨૨.૦૦ના સ્કોર સાથે મહારાષ્ટ્ર દ્વિતીય તેમજ ૧૨.૮૧ના સ્કોર સાથે હરિયાણા ત્રીજું છે. ગુજરાતનો ક્રમ કેરાલા અને તામિલનાડુ પછી છઠ્ઠો છે. મહત્વની બાબત એવી છે કે બિઝનેસ એનવાયર્નમેન્ટમાં પ્રથમક્રમે તામિલનાડુ પછી કેરાલા, મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટક, હરિયાણા અને આંધ્રપ્રદેશ પછી આઠમાક્રમે ગુજરાત આવે છે જો કે સેફ્ટિ અને લિગલ એનવાયર્નમેન્ટમાં હરિયાણા અને પંજાબ પછી ગુજરાત ત્રીજાક્રમે છે.

**● બે વર્ષમાં ૭ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી...**

૨૦૧૪માં કોંગ્રેસ પાસે ૧૩ અને ભાજપ પાસે સાત રાજ્યો હતા પરંતુ લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી પછી સત્તામાં આવેલા નરેન્દ્ર મોદી અને અમિત શાહે એકત્ર થઈને કોંગ્રેસનો સફાયો કરી નાંખ્યો હતો. ૨૦૧૮ સુધીમાં ભાજપ અને એનડીએ ગઠબંધન પાસે ૨૧ રાજ્યો અને કોંગ્રેસ પાસે માત્ર ત્રણ રાજ્યો રહ્યાં હતા. જો કે ડિસેમ્બર ૨૦૧૮ પછી ભાજપની પડતી શરૂ થઇ અને ભાજપ શાસિત એનડીએના રાજ્યો ઘટીને ૧૭ થયાં. આજે નવેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ જોઇએ તો ભાજપ પાસે માત્ર ૮ રાજ્યો રહ્યાં છે જ્યારે ૬ રાજ્યોમાં ગઠબંધનની સરકારો છે. અત્યારે ભાજપ પાસે ઉત્તરપ્રદેશ, ગુજરાત, હિમાચલપ્રદેશ, ગોવા, ઉત્તરાખંડ, કર્ણાટક, અરૂણાચલપ્રદેશ અને ત્રિપુરા છે. પાર્ટીએ હરિયાણા, આસામ અને મણીપુરમાં એલાયન્સ કર્યુ છે અને બિહાર, મેઘાલય તેમજ નાગાલેન્ડમાં ગઠબંધનની સરકાર ચલાવે છે. દેશમાં ૨૮ રાજ્યો અને નવ કેન્દ્રશાસિત પ્રદેશ થયાં છે. ૨૦૨૦ના વર્ષમાં દિલ્હીની ૭૦ બેઠકો પર ફેબ્રુઆરી પહેલાં અને બિહારની ૨૪૩ બેઠકો પર નવેમ્બર પહેલાં ચૂંટણી થવાની છે. આ બન્ને રાજ્યોમાં ભાજપની કસોટી એટલા માટે છે કે એક તરફ અરવિંદ કેજરીવાલ છે અને બીજીબાજુ નિતીશકુમાર છે. જો કે આવનારા વર્ષ ૨૦૨૧માં આસામની ૧૨૬ બેઠકો, (જમ્મુ-કાશ્મીર-લદાખ-ચૂંટણી યોજાય તો), કેરાલાની ૧૪૦ બેઠકો, પોંડિચેરીની ૩૦ બેઠકો, તામિલનાડુની ૨૩૪ બેઠકો અને પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો પર ચૂંટણી થવાની છે. આ વિધાનસભાઓ પૈકી એકમાત્ર પોંડિચેરીની સરકાર કોંગ્રેસ હસ્તક છે, આસામમાં એજીપી સાથે ભાજપનું ગઠબંધન છે. પશ્ચિમ બંગાળમાં ટીએમસીના મમતા બેનરજીનું વર્ચસ્વ છે. કેરાલામાં એલડીએફ અને તામિલનાડુમાં એઆઇએડીએમકેની સરકાર છે. મોદીનો જાદુ બરકરાર રહ્યો તો ભાજપે આ રાજ્યોમાં હવે કંઇ ગુમાવવાનું નથી.

## ભાજપ શાસિત રાજ્યો ઘટીને આઠ થયાં, ૨૦૨૦માં બે અને ૨૦૨૧ પાંચ રાજ્ય વિધાનસભાની ચૂંટણી

**● ભાજપના પ્રદેશ સંગઠનની ચૂંટણીમાં વિલંબ...**

કોંગ્રેસની સ્થિતિમાં કોઇ ફર્ક પડ્યો નથી પરંતુ ભાજપની સંગઠનની ચૂંટણીઓ જરૂર વિલંબમાં પડી છે. પાર્ટીનું હાઇકમાન્ડ આ વર્ષના આખરમાં હજી સુધી જિલ્લા, મહાનગરો અને સ્ટેટ ઓફિસ બેરર્સની ચૂંટણીઓ પૂર્ણ કરી શક્યું નથી. કેન્દ્રીય નિરીક્ષકોના રિપોર્ટ પણ હજી સબમીટ થયાં નથી. સંગઠનની ચૂંટણીમાં વિલંબનું મહત્વનું કારણ નાગરિકતાના મુદ્દે પાર્ટીએ જાહેર કરેલા કાર્યક્રમો હોવાનું બહાનું દર્શાવવામાં આવે છે. પાર્ટીના પ્રદેશ કાર્યકર્તાઓને શંકા છે કે અમારા નેતાઓ આ વર્ષના અંત સુધીમાં સંગઠનની ચૂંટણીઓ પૂર્ણ કરશે. પ્રદેશ ભાજપના કાર્યકર્તાઓને નવા પ્રદેશ પ્રમુખ અને જિલ્લા પ્રમુખોનો ઈન્તજાર છે, કેમ કે ૨૦૨૦માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમજ મહાનગરોની ચૂંટણી ભાજપ માટે મહત્વની બની રહે તેમ છે. પાર્ટીના સૂત્રો કહે છે કે હાલના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની વિદાય નિશ્ચિત માનવામાં આવે છે પરંતુ તેમના સ્થાને કોને નવા પ્રમુખ બનાવવામાં આવે છે તે વધારે સસ્પેન્સ ક્રિયેટ કરે છે. સૂત્ર કહે છે કે નવા પ્રદેશ પ્રમુખ પાટીદાર અથવા તો ઓબીસી જ્ઞાતિમાંથી આવી શકે છે પરંતુ બીજી જ્ઞાતિ જેવી કે બ્રાહ્મણ અને ક્ષત્રિય પણ પાર્ટી પ્રેસિડેન્ટની લાઇનમાં છે.

**● પૂર્વ CS જેએન સિંહનું પોસ્ટીંગ કેમ નહીં...**

ગુજરાતના પૂર્વ ચીફ સેક્રેટરી જેએન સિંહનું પોસ્ટીંગ કેમ થયું નથી તે સચિવાલયમાં મોટો સવાલ છે, કેમ કે આ એક એવા ઓફિસર હતા કે જેમના માથે આખી સરકારનો ભાર હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પોણાભાગનું કામ તેઓ કરી લેતા હતા. છ મહિનાના એક્સટેન્શન પછી તેઓ જ્યારે નિવૃત્ત થયા ત્યારે તેમનું પોસ્ટીંગ નર્મદા નિગમના સીએમડી અથવા ગુજરાત વિઝીલન્સ કમિશનર તરીકે થવાનું હતું પરંતુ નિવૃત્તિને આજે એક મહિનો થવા આવ્યો છે છતાં તેમની નિયુક્તિ થઇ શકી નથી. સચિવાલયમાં તેમની નિયુક્તિ બાબતે કેટલાક સવાલ ઉભા થયા છે.